
# વિચારયાત્રા

વર્ષ : ૩, અંક : ૬    જૂન ૨૦૧૭



કાશ મારું કોઈ ગામડું હોય,
એક ફળિયું રળિયામણું હોય,
આ શહેરની દોડધામ નહીં,
ત્યાં એકે-એક જણ મારું હોય.

- મૌલિક "વિચાર"

# પ્રતિજ્ઞા



માતૃભાષા અને માતૃભૂમિનું સન્માન અને સંવર્ધન
માટે હંમેશા હું પ્રયત્નશીલ રહીશ.
વ્યવહારમાં ભાષાશુદ્ધિ અને ભાષાચરિત્ર મારી
પ્રથમ પસંદગી રહેશે.
માતૃભાષાની સાથે સાથે ભારત અને વિશ્વની વિવિધ ભાષાઓના
વૈવિધ્યપૂર્ણ વારસા પ્રત્યે પણ હું આદર અને સન્માન જાળવીશ.
માતૃભૂમિ તેમ જ માનવતાનું રક્ષણ અને જતન એ મારું દાયિત્વ છે.
વાહનવ્યવહાર અને ભારતીય બંધારણના
દરેક નિયમોનું હું નિષ્ઠાપૂર્વક પાલન કરીશ.



# વિચારયાત્રા

વર્ષ : ૩, અંક : ૬ જૂન ૨૦૧૭

## અનુક્રમણિકા


૪ "હાસ્ય રહસ્ય છે"
મૌલિક "વિચાર"

૫ કેફિયત "શબ્દ"
આરતી પરીખ

૭ પાછી ફરી
પ્રવીણા અવિનાશ

૯ લીલા રંગની ચૂડીઓ
ચેતના ઠાકોર

૧૧ અજબ ગજબ લાગણીઓ!
કર્ણવી શાહ

૧૪ પ્રાગમહેલ
પ્રજાવત્સલ રાજવીનું સ્મૃતિ સ્થાપત્ય
કવન વી. આચાર્ય


૧૬ વળાંક
નેન્સી શેઠવાળા


૧૭ તલાક
રશ્મિ જાગીરદાર

૧૯ હરામના પૈસા
રોહિત કાપડિયા

૨૦-૨૩ કવિતા Cafe
ક્ષતિ (અક્ષિતા ભટ્ટ)
અર્ચિતા પંડ્યા
શીતલ પંચાલ
ભગીરથ ભટ્ટ
હેતલ ઝીંઝુવાડિયા (હેત)
જગદીશ કરંગીયા 'સમય'
રમેશ પટેલ (આકાશદીપ)
ટીના નંદિની શાહ


૨૪ સારસ્વત સંતાન: મણિલાલ દેસાઈ
સુરેશ જાની




૭


૯


૧૧


૧૪



૧૬


૧૭


"વિચારયાત્રા"નાં લેખોનું ટાઈપ સેટિંગ અને
ડીઝાઇનીંગ: પ્રકાશ સુથાર
શબ્દ સહાય: આરતી પરીખ
"વિચારયાત્રા" સાથે સંકળાયેલ તમામ લેખકો અને સહાયકોનો ખુબ ખુબ આભાર.



www.maulikvichar.com
vicharyatra@maulikvichar.com, sankalan.maulikvichar@gmail.com



## “વિચારવાણી”

# “હાસ્ય રહસ્ય છે”

સ્મિત ઉર્જાનું તેજ ફેલાવે છે.
હાસ્ય આપણા વ્યક્તિત્વની ગુરુચાવી છે.
હાસ્ય નિખાલસતાનું સારથી છે.
બીમાર પડી ગયેલ મન હોય કે વાસી થઈ ગયેલ સંબંધ હોય,
હાસ્ય એ બંનેની સારવાર કરતી કુદરતી ઔષધી છે.
હાસ્ય નાદાન અને મૂક પ્રેમપત્ર છે,
જેમાં સહજતાની શાહી થકીઆમંત્રણનો એક સંકેત છે.
હાસ્ય યોગ છે. હાસ્ય વિનામુલ્યે ચૂકવેલું  અમૂલ્ય વ્યાજ છે.
હાસ્ય એકલતામાં પણ માણસને પોતાની નજીક રાખે છે.
હાસ્ય કુદરતને હૃદયમાં સ્થાપવાની ગણેશ સ્તુતિ છે.
કૃષ્ણના હાસ્યમાં રહસ્ય છે એની લીલાનું.
રામના સ્મિતમાં રહસ્ય છે એમની ધીરજનું
ગાંધીજીના હાસ્યમાં એકતા છે, તો સ્વામી વિવેકાનંદના હાસ્યમાં દેશભક્તિ.
હાસ્ય રહસ્ય છે જ્ઞાનરૂપી અખૂટ સંપત્તિનું.
હાસ્ય રહસ્ય છે.
હાસ્ય રહસ્ય છે.
હાસ્ય રહસ્ય છે.

- મૌલિક “વિચાર”




# શબ્દ




કેફિયત
આરતી પરીખ


અમસ્તાં રસ્તે મળ્યાં ને પરિચય
થયો હશે,
સર્યા શબ્દો; વાતવાતમાં વિષય
બન્યો હશે,
ક્ષિતિજે બેઠાં સૂર્ય સમો મલક્યો'તો
જરીક
આંખોઆંખોમાં એમ જ પ્રણય
પાંગર્યો હશે.
- આરતી પરીખ

બે વ્યક્તિ વચ્ચેનો સાંકેતિક ઈશારો.. ને, આ ઇશારામાંથી જ અક્ષર ઉદ્ભવ્યો હશે.. અક્ષરથી શબ્દ.. શબ્દથી વાક્ય.. વાક્યથી વાર્તાલાપ.. ને, એમ અરસપરસના વાર્તાલાપથી જ જે-તે ભાષા કાળક્રમે અસ્તિત્વમાં આવી હશે.

હ્રસ્વ ઇ ને દીર્ઘ ઈ અને હ્રસ્વ ઉ ને
દીર્ઘ ઊ,
અક્ષર ઉપરનો ક્યારે બધો ભાર
ઊતરે?!
- શ્રી રાજેન્દ્ર શુક્લ

*****

ભલે હોય એક જ એ અંતરથી
વહેતા,
છે સૂરો જુદેરા રિયાજે - રિયાજે,
જુદા અર્થ છે શબ્દના બોલવા પર
છે શબ્દો'ય જુદા અવાજે – અવાજે.
- ગાફિલ

જે-તે પ્રદેશ અને ત્યાં વસતાં લોકોની પ્રતિભા તેમની વર્તણુકની સાથોસાથ તેમની ભાષામાં અને અવનવાં શબ્દપ્રયોગમાં છતી થાય છે. જો શબ્દોનું અર્થઘટન બરાબર થાય તો, પ્રેમી પંખીડાંનું મિલન માણી શકો કે પરિવારને જોડીને રાખી શકો. પણ જો શબ્દોના અર્થઘટનમાં થાપ ખાઈ બેઠાં તો તો જીવનભર ગૃહકંકાસ સહન કરવો પડે. શબ્દોને સમજવા બહુ જ જરૂરી છે.

શબ્દ મક્કા, શબ્દ કાશી છે, સમજ,
ધર્મની ઊંચી અગાસી છે, સમજ.
- બેન્યાઝ ધ્રોલવી

*****

શબ્દની'ય આરપાર જોઉં છું,
એટલે જ ધારદાર હોઉં છું,
અર્થ નીકળે જ ક્યાંથી ભલા?
શબ્દ નહીં, જનાબ; સાર હોઉં છું!
- ડૉ. મુકેશ જોષી

દરેક શબ્દનો એક આગવો અર્થ હોય છે. શબ્દ કદી અર્થહીન હોઈ શકે જ નહીં. ક્યારેક શાંતિથી વિચારશો તો જણાશે કે, આપણા લોકશાહી દેશમાં મોટાભાગનાં વિવાદો, રમખાણો શબ્દોના અનુકુળતા મુજબ થયેલાં અર્થઘટનને લીધે જ સર્જાયેલા છે.

થોડોક તર્ક વેંચવા શબ્દોની જંગ છે,
ધ્વનિ રૂપાળી છેવટે સરવર તરંગ છે.
- નરેશ સોલંકી

*****

શબ્દ સારા કે નઠારા હોય છે,
અર્થ કાયમના ઠગારા હોય છે !
એ તને દોડાવશે એવું કહી
શબ્દ આગળ ક્યાં જનારા હોય છે !
- ભરત ત્રિવેદી

*****

હે કવિ ! તું છેડમાં એને હવે,
શબ્દને પણ મોભ ને મરજાદ છે.
- પાર્થ મહાબાહુ

શાસ્ત્રોમાં કહ્યું છે કે, પાણી ગાળીને વાપરવું તેમ વાણી જોખીને ઉચ્ચારવી. પાણીની જેમ વાણી વપરાય નહીં. વાણી તો ઘીની જેમ સાચવીને વાપરવી જોઈએ. વાણીમાં

શબ્દોનો યોગ્ય ઉપયોગ કરતાં શીખવું જોઈએ, કારણ કે,

"શબ્દ જ ઘાવ બને છે,
અને શબ્દ જ મલમ બને છે.
શબ્દ જ આપણને ડુબાડે છે,
શબ્દ જ આપણને તારે છે.
શબ્દ જ જીવન સળગાવે છે,
શબ્દ જ જીવન શણગારે છે.
શબ્દ જ કાતરનું કામ કરે છે,
શબ્દ જ સોયનું કામ કરે છે."

અંગ્રેજીમાં કહેવત છે કે, The Tongue is fire. તેથી વિરુદ્ધમાં પણ કહેવત છે કે, A kind tongue is better than a pie. બોલતી વખતે આપણે અચૂક યાદ રાખવું કે, "નહિ બોલાયેલા શબ્દો આપણા ગુલામ છે. જ્યારે બોલાયેલા શબ્દોના આપણે ગુલામ છીએ." બોલાયેલા શબ્દો, ફેંકાયેલું તીર, ઉપેક્ષિત તક અને વીતેલી ક્ષણ આ ચાર વસ્તુ ક્યારેય પાછી આવતી નથી. માટે જ કહે છે કે, 'Think twice before speak'.

લેખક કહો કે કવિ... કાલ્પનિક દુનિયાના આ જીવડાઓ માટે કશું જ અશક્ય નથી. કોઈપણ વિષય હોય, હંમેશ હાજર જવાબી...

શબ્દ ક્યાં મારો કે તમારો છે?
શબ્દ હર કોઈનો દુલારો છે!
બુઠ્ઠાં, અણિયારા, રેશમી, બોદાં,
શબ્દના કેટલાં પ્રકારો છે?
ભાવ છે, અર્થ છે, અલંકારો,
શબ્દનો કેટલો ઠઠારો છે!
જો જરાક અડકો તો છટપટી ઉઠશે,
શબ્દ સંવેદનાનો ભારો છે!
- રાહી ઓધારિયા

કોઈ વ્યક્તિને સૌથી કપરું કામ સોંપવું હોય તો.. તેને કહો, "ચાલ દોસ્ત, શોધી આપ એકાદિ' ભાષા શબ્દો વગરની...!!" કેમ શું થયું?! તમનેય આ વાંચી હસવું આવી ગયું ને...!! હાસ્તો, અશક્ય એવી માંગણી એટલે શબ્દો વગરની ભાષા. પણ, ભૂલથી'ય કોઈ કવિ પાસે આવી માંગણી કરતાં નહિ હોં...!! કાવ્યાત્મક ઢબે ઠાવકાયથી સંભળાવી દે'શે....

શબ્દો હણાયા
અગણિત, રચવા
ભાષા 'મૌન'ની!!
~~
ઠંડે કલેજે,
કત્લેઆમ શબ્દોની,
માણવા મૌન..!
~~
શબ્દો કેરા, આ
દુકાળે, સંવેદના
છલકી રહી.
~~
આંખોઆંખોમાં જ વાત વહાવી દેજો,
શબ્દ જો સર્યા; લાગણી પોકળ
ઠરશે.
~~
આખી સૃષ્ટિને
નિહાળું, અનુભવું,
એક શબ્દે "માં"!!
- આરતી પરીખ

અરે, આ કવિજાતથી જરા સંભાળતાં રહેવું હોં... અંતે વાત હોય હોંશની કે પ્રેમની જ પણ, એવી દર્દીલી શરૂઆત કરશે કે.. શાયરીના અંત સુધી આપણું દિલ પણ આ દર્દીલા વમળોમાં ઘુમરાતું રહેશે...

ઘણાં દુઃખ વેઠી જડેલા છે શબ્દો,
પછી આપ સૌને ધરેલા છે શબ્દો,
ઘણાંને હંમેશાં નડેલા છે શબ્દો
મને એ જ ફળેલા છે શબ્દો !!
- મુબારક ઘોડીવાલા

હવે ક્યારેક સાહિત્ય સાથે બારમો ચંદ્રમા હોય એવી વ્યક્તિને વિષયની સમજણ જ ન પડે ત્યારે જો કવિરાજની ધીરજ ખૂટી તો તો એમનો મિજાજ ઓહો..હો....

શબ્દ શબ્દ શું કરે છે?! સહેજ
આગળ વધ હવે,
અક્ષરોને રાખ બાજુ, સહેજ આગળ
વધ હવે,
શબ્દો સઘળાં છે સમર્થ તું અગર
બોલે નહીં
મૌનની મહેફિલ! આવ, સહેજ
આગળ વધ હવે.
- ડૉ. મુકેશ જોશી

*****

શબ્દ પર હું શબ્દ ખડકું છું સતત પાંત્રીસ વર્ષે,
તો'ય બાંધી ક્યાં શક્યો છું પાળ જેવું, મત્સ્યગંધા. _હર્ષદ ચંદારાણા

વ્યવસાયે ડોક્ટર એવાં કવિ વિવેક મનહર ટેલરે અસલ રંગીન મિજાજમાં આવીને શબ્દને નિર્મળ પ્રેમ સાથે સરખાવતાં લખ્યું છે...

શબ્દના રસ્તે મને મળતી રહે,
સ્વપ્નની અડફેટમાં ચડતી રહે,
શ્વાસે વણીને શબ્દ રચી
સાદડી છ ગજ,
તૂટ્યો જો તાર શબ્દનો તો
પ્રાણ પણ નથી.
શબ્દ થઇ મુજ શ્વાસમાં બસ
તું સદા વહેતી રહે,
આ ગઝલ શબ્દો નથી કંઈ,
આ જે છે પ્રેમ છે.

આપણે જેમજેમ વધુ ને વધુ ભાષાઓ જાણતાં ને શીખતાં ગયા તેમતેમ આધુનિક દેખાવાની ઘેલછામાં એક જ વાક્યમાં એક કરતાં વધુ ભાષાના શબ્દો વાપરી ભાષાઓની ખીચડી રાંધી નાખી, શબ્દને અર્થહીન કે વિકૃત બનાવી દીધાં. શબ્દચાલાકી કે શબ્દરમત એક દ્રષ્ટીએ નર્યું જુઠાણું જ છે, જે કદિ લાંબુ ન ચાલે. તે જ રીતે, શબ્દ પર અવલંબન એ ભાષાકીય અજ્ઞાન છે. જે શબ્દની પેલે પાર જઈ શકે, એ જ શબ્દમાં છૂપી સંવેદના ડાહપણ/શાણપણથી અનુભવી શકે.

(અનુસંધાન 10માં પાને)



# પાછી ફરી



ઝરૂખો
પ્રવીણા અવિનાશ

દેશ વિદેશની યાત્રા કરીને મનગમતા માણસોને મળીને આજે સલોની પાછી ભારત આવવા ન્યૂયોર્કથી વિમાનમાં બેઠી. વતનથી દૂર વતનવાસીઓને મળીને ખૂબ આનંદ થયો. તેના અંતરમાં ઉમંગ સમાતો ન હતો. આટલો બધો પ્રેમ તેને મળશે તેવી આશા ન હતી. અરે, અમેરિકા જઈ આવેલાંના અનુભવ સાંભળી એક વખત એવો હતો કે તેણે ટિકિટ કઢાવવાનો વિચાર માંડવાળ કર્યો હતો. આ તો સાજન હોય નહી અને તે અમેરિકા સહુને મળવા આવે નહી. તેના પતિ સાજને પ્રેમ પૂર્વક સમજાવી.

'આવી ઉમદા તક મળે છે. હાથમાંથી સરી જવા દેવી નથી.'

ન્યૂયોર્કના ગુજરાતીઓએ તેના મનમાં મોટો સમારંભ રાખ્યો હતો. તેની નવી નવલકથા," દિલદાર દીકરો" બેસ્ટ સેલરનો ખિતાબ પામી હતી. તેની બીજી આવૃત્તિ પણ વેચાઈ જવા પામી હતી. તેનું બહુમાન કરવા માટે ખાસ આમંત્રણ મળ્યું હતું.

'અમેરિકાના લોકો મોઢે મીઠું બોલે છે. મહેમાનોને ઈજ્જત આપી સાચવતાં નથી. ' આ વાક્ય તેને સાંભળવા મળતું. માત્ર તેની ટિકિટ લેવાનો તેમનો આગ્રહ નકારી ન શકી. પૈસાની તેને કોઈ અછત ન હતી. પણ શ્રી નિરંજન મહેતાના આગ્રહ પાસે તેણે નમતું જોખવું પડ્યું હતું.

સાજનનો આગ્રહ હતો, સલોનીને માન સનમાન મળવાના છે, તો તે એકલી જઈ આવે. ફરવા તો બીજી વાર સાથે જાવનો વિચાર હતો. સલોની એરપોર્ટ પર આવી. નિરંજન અને નેહા બન્ને લેવા આવ્યા હતાં. પ્લેનમાંથી ઉતરી, કસ્ટમમાંથી બહાર આવી તેનું સુંદર બુકે આપી સ્વાગત કર્યું. સલોની ખુશ થઈ ગઈ.

ગાડીમાં વાતો ચાલતી હતી કે તમારો ઉતારો ઘરથી નજીકની ફાઈવ સ્ટાર હોટલમાં છે.

સલોની ચમકી. ખૂબ પ્રેમથી બોલી, 'મારા મનની વાત કહું'.

'બેશક'!

'તમને વાંધો ન હોય તો હું, તમારે ત્યાં જ રહીશ'. નિરંજન અને નેહા બન્ને ચમક્યા.

'અરે, ભારતથી આવનાર મહેમાન હંમેશા મોટી હોટલનો આગ્રહ રાખે છે. તમે તો મહાગજાના લેખિકા છો, તમારે માટે ખાસ ફાઈવ સ્ટાર હોટલનો બંદોબસ્ત કર્યો છે.'

સલોની વધારે આગ્રહપૂર્વક બોલી,

'મારી મરજી તમારી સાથે રહેવાની છે. તમારી રહેણીકરણીથી વાકેફ થવું છે. અહીંના ભારતીયોનો પ્રેમ પામવો છે.'

નિરંજન અને નેહા બન્ને એકબીજાની સામે જોઈ રહ્યા. આંખોથી વાત થઈ ગઈ. તેમનું ઘર, જેને અહીં 'હાઉસ' કહે છે. ખૂબ સુંદર વિસ્તારમાં હતું . પાંચ બેડરૂમનું ઘર અને સ્વિમિંગ પુલ તથા થ્રી કાર ગરાજ હતાં. નિરંજન પોતે સર્જન હતો, સાહિત્યનો રસિયો. નેહા એમ.બી.એ. ભણેલી હતી. બે બાળકો હાઈસ્કૂલમાં હતા. પતિ અને પત્ની બન્ને પ્રોફેશનલ હોવાને કારણે ઘરમાં દરરોજ સવારથી મેઈડ આવતી. અડધી રસોઈ પણ કરતી અને ઘરનું બધું કામકાજ સાચવતી. તેમને ત્યાં બે ગેસ્ટ રૂમ પણ હતાં. બાજુમાં નાનું કોટેજ હતું.

સલોનીની બધી સગવડ સાચવવામાં કોઈ અડચણ હતી નહી.

સલોનીના આગ્રહને માન આપી બન્ને તેને લઈને ઘરે આવ્યા. તે મનમાં રાજી થઈકે તેણે ઘરે રહેવાનો આગ્રહ સેવ્યો. બે દિવસ જરા આરામ અને જેટ લેગમાં ગયા. શની અને રવીવારે બે દિવસનો કાર્યક્રમ હતો. સલોનીને જરા પણ અતડું ન લાગ્યું. ઘરનું વાતાવરણ સહજ હતું. બાળકો ભલે અમેરિકામાં જનમ્યા હતાં પણ ઘરના સંસ્કારી વાતાવરણને કારણે ભારતથી આવેલા મહેમાન સાથે સુંદર વહેવાર કરી રહ્યા હતાં.

શનીવારે સવારે 'સાહિત્ય સરિતા'ના મિત્રો સાથે બ્રન્ચ લેવા 'જીન્જર કાફે'માં ગયા. સુંદર વાતાવરણ અને મનગમતા માનવીઓ. સલોની બધાને પહેલીવાર મળી રહી હતી. હસમુખા સ્વભાવને કારણે સહુની સાથે હસીખુશીની વાતો કરી. બીજા દિવસના કાર્યક્રમની ચર્ચા કરી.

કાર્યક્રમમાં ગુજરાતી સમાજ અને બીજી સંસ્થાઓના વ્યક્તિઓએ હાજરી આપી. સલોનીએ પોતાના પુસ્તક વિષે રસપ્રદ માહિતી પૂરી પાડી. જેમાં માતા, પિતા અને દીકરાના પ્રેમ તથા તેના પરિવાર સાથેના પ્રસંગો વણી લીધા હતા. સુંદર સંસ્કાર પામી આવેલી વહુ ઘરમાં એવી તો ભળી ગઈ કે કોઈના માન્યમાં પણ ન આવે. હાસ્યના પ્રસંગોની છણાવટ કરી ત્યારે પ્રેક્ષકો પેટ પકડીને હસી રહ્યા હતાં. આપણા ભારતમાં બાળપણથી દીકરીને કહેવામાં આવે છે.

'આમ કર, આમ ન કર' મોટા થઈને સાસરે જવાનું છે.

સલોની કહે સાસરું જાણે જેલખાનું ન હોય એમ ચીતરવામાં આપણે સહુ એક્કા છીએ.

આમ તેણે જૂના, પ્રચલિત અને નવા જાત જાતના તુક્કાઓની હાંસી ઉડાવી હતી. બાળકો પરણે ત્યાર પછી થતી ગેરસમજને રમૂજી રીતે રજૂ કર્યા હતાં. દિલના ભાવ ઠાલવી વાર્તાને ઉચ્ચ કોટીની બનાવવામાં તે સફળ પૂરવાર થઈ હતી. કાર્યક્રમ ધાર્યા કરતાં વધારે આનંદમય રહ્યો અંતે છેલ્લે જ્યારે આભાર વિધિ માનવાનો સમય આવ્યો ત્યારે , નિરંજનભાઈએ એક પરબિડિયું સલોનીના હાથમાં મૂક્યું.

જાણે દાઝી હોય તેમ તેણે હાથ પાછા ખેંચી લીધા.

સલોની ગદગદ થઈને બોલી રહી, 'મારા મિત્રો, સ્નેહીજનો. તમે મને અહીં બોલાવી. મારો આદર સત્કાર કર્યો. આટલો બધો પ્રેમ આપ્યો. તમે શું માનો છો હું ,અહીં પૈસા લેવા આવી હતી. તમે સહુ ભિંત ભૂલો છો. હું તો મારા ભારતીય, ગુજરાતીઓને મળવા આવી છું. અમેરિકાની ભૂમિ ઉપર તમે સહુ જે સુંદર કાર્ય કરી રહ્યા છો તે નિહાળવા આવી છું. ગુજરાતની બહાર ગુજરાતી ભાષા વિષેનો તમારો પ્રેમ ખરેખર સરાહનિય છે. મારી નવલકથાને પ્રેમ ભર્યો આવકાર આપ્યો તે બદલ તમારી ઋણી છું."

" મુ. નિરંજન ભાઈ આ પૈસાના પરબિડિયા દ્વારા મારી હાંસી ન ઉડાવશો. "

સભાખંડમાં બેઠેલાં સહુ દંગ થઈ ગયા. હજુ તો ૪૦ પણ નથી વટાવ્યા એવી આ જાજવલ્યમાન યુવતીના મુખેથી આવી સરસ વાણી સાંભળી સહુને પોતાના કાન પર વિશ્વાસ ન બેઠો. અત્યાર સુધી ભારતથી આવેલા દરેક અતિથિઓ વિષેનો અનુભવ વાગોળવા લાગ્યા.

આ સ્વપનું નથી, હકિકત છે.

અઢી અક્ષરનું ચોમાસું,
ને બે અક્ષરના અમે;
ખોટ પડી અડધા
અક્ષરની, સજન,
પૂરજો તમે!
ત્રણ અક્ષરનું માવઠું મુજ
સંગ અટકળ અટકળ રમે!
ખોટ પડી અડધા
અક્ષરની, સજન,
પૂરજો તમે!
– ભગવતીકુમાર શર્મા



# લીલા રંગની ચૂડીઓ



વાર્તા

ચેતના ઠાકોર

મુંબઇની એક નાની અમથી ઓફિસની આ વાત, જ્યાં થોડા ક્લાર્ક હતાં અને બે ત્રણ ઓફિસર. પણ હોદ્દાની કે પદસ્થાનની ભેદરેખા ના ગણકારતાં, થોડા છોકરાઓ હતાં અને થોડી મહિલાઓ કે છોકરીઓ હતી. ઓફિસમાં બધા જ એક પરિવારની જેમ કામ કરતાં. પરિવારમાં એક જણાનું ઓફિસનું કે વ્યક્તિગત કામ દરેકનું બની જાય, એકની સમસ્યા હરએક ઓઢી લે. કોઇની પણ સમસ્યા વ્યક્તિગત ના રહેતાં કૌટુંબિક ગણાય એટલો સંપ હતો. કોઇ કુંવારા કે કુંવારી માટે પાત્ર શોધવું, કોઇનો પ્રસંગ ઉકેલવો, કોઇની માંદગીમાં સેવા કરવી કે કોઇને માટે ઘર શોધવું આવાં બધા જ કામ વહેંચી લેતા. છોકરાઓ કે પુરુષવર્ગ બહારનું કામ કરે, ત્યારે મહિલાઓ ઓફિસનું કામ પતાવે. કોઇની પણ ગેરહાજરી ના દેખાય.

પણ જીવનમાં પ્રશ્નો દેખાય છે તેટલા આસાન હોતાં નથી. અહીં કામ કરતી હતી એક હોશિલી, ચુલબુલી છોકરી જયશ્રી. એ વિધવા માતાની એકની એક દીકરી હતી. એ છ મહિનાની હતી, ત્યારે એની વિધવા મા એને રત્નાગીરીથી મુંબઇ કામની તલાશમાં લઇ આવી હતી. મુંબઇ દિલદાર લોકોની નગરી છે. ન્યાત જાતનાં વાડા ના જોતાં, દરેક જણાને રોજીરોટી અહીં મળી રહે છે. તમને કામ કરવાની દાનત હોય તો બટકુ રોટલો અને જોડે ઓટલો શોધી આપવામાં ભગવાન પણ તમને મદદ કરે છે.

એક ધનવાન પરિવારની પ્રૌઢ સ્ત્રીની કેરટેકર તરીકે માને નોકરી મળી. જ્યાં તેને પોતાની દીકરીને રાખવાની છૂટ હતી. માએ આ કુટુંબની મદદથી દીકરીને ઉછેરી અને ભણાવી. વીસ વર્ષની દીકરીને નોકરી મળી, ત્યારે હવે દીકરીની ફરજ હતી કે એ એવું પાત્ર શોધે કે જે એની માની જવાબદારી પણ લેવા તૈયાર થાય.

ઓફિસમાં જ્યારે કોઇના પણ લગ્ન

નક્કી થાય અને એની તૈયારીઓ ચાલતી હોય ત્યારે એ કહેતી, "મારા નસિબમાં તો 'હરી ચૂડિયાં' પહેરવાંનો સમય ના પણ આવે."

"મુંબઇ જેવા મહાનગરમાં મારી માને સમાવે એવું ટુકડો ઘર ના મળે, ત્યાં સુધી રાજકુમાર મારી જિંદગીમા આવશે તો પણ મારી ના જ હશે."

પરંતુ શોધવાથી તો ભગવાન પણ મળે છે અને ભગવાને બધી જોડીઓ ઉપરથી બનાવીને રાખી હોય છે. બસ એ પાત્ર તમારી જિંદગીમા ક્યારે આવે છે એની આપણને ખબર હોતી નથી. આ ઓફિસમાં નવો દાખલ થયેલો બાલુ નામનો છોકરો, જયશ્રીનો હાથ પકડવા તૈયાર થયો. બાલુનો પરિવાર ગામમાં રહેતો હતો. જ્યાં એ લોકોની ખેતી હતી. એટલે એ લોકોને મુંબઇમાં રહેવા આવવામાં રસ ન હતો. બાલુ ખૂબ જ મહેનતુ અને સરળ સ્વભાવનો ઇંસાન હતો. સૌને મદદ કરતો. આટલા સારા છોકરાની ઓફર હતી એટલે જયુના સાથીઓએ વિચારવાની જરૂર જ ન હતી. જયશ્રીની સર્વીસને પાંચ વર્ષ થયા હતાં. તેથી એને હાઉસીંગ લોન મળે તેમ હતી. ઓફિસના બધા મિત્રોએ ઘર શોધવું, વસાવવું, લગ્નનો હોલ શોધવો એ બધા કામનો આરંભ કર્યો. લગ્નની ખરીદી તથા ઘર વસાવવાની ખરીદી સ્ત્રીઓએ ઉપાડી લીધી. આમ લગ્નની તૈયારી શરુ થઇ ગઇ અને જે પ્રસંગની આ કુટુંબમાં વર્ષોથી વાટ જોવાતી હતી તે ઉકેલવાનો સમય આવ્યો હતો. લીલી બોર્ડરની પીળી સાડી અને લીલી ચૂડીઓ ખરીદાઇ ગઇ.

જયુના લગ્ન થયાં અને ઘર મંડાઇ ગયું. બન્ને સુખી હતાં અને તેમનો સુખી સંસાર જોઇને મા પણ ખુશ હતી. થોડા જ સમયમાં જયુનુ પ્રમોશન થયું. સ્થળ મળ્યું રત્નાગીરી. ત્યાંના એક નાના ગામમાં હજી પણ એના પિતાની નાની વાડી હતી. વર્ષો બાદ મા દીકરી રત્નાગીરી તરફ જતાં હતાં. બાલુને પણ બદલી મળી ગઇ હતી. રત્નાગીરી તરફ રહેવાથી વાડીની પણ ભાળ કઢાશે એમ નક્કી થયું. શરૂઆતમાં નિયમિત પત્રો આવતા. પણ પછી બધા પોતાના અને ઓફિસના કામમાં પરોવાઇ ગયાં. ત્યા એક દિવસ બાલુનો ફોન આવ્યો. જયુને કમળો થયો હતો. નાના ગામના ડોક્ટરોથી ડાયગ્નાઇસ ના થતાં કમળી થઇ ગઇ હતી. તે બેભાન અવસ્થામાં હતી. એક એમ્બ્યુલંસ કરીને તેને મુંબઇ લાવી રહ્યાં હતાં. મુંબઇની જે. જે. હોસ્પિટલમા તેને દાખલ કરવાની હતી. તેનુ આ પહેલું કુટુંબ એટલે ઓફિસના સાથીઓ હોસ્પિટલ પહોંચ્યાં. એને માટે બેડ બુક કર્યો. જેની પાસે જેટલા રૂપિયાની સગવડ હતી તેટલા લઇને સૌ પહોંચી ગયાં. પણ મોં મેળ ના થયો. એ કોમામાં હતી. અહીંના ડોક્ટરોએ એને દાખલ કરી અને ચેકઅપ બાદ મૃત ઘોષિત કરી. રત્નાગીરી, જ્યાં એની માતાએ પોતાનું સૌભાગ્ય ખોયું હતું, ત્યા ફરી એક વાર માએ પોતાના આધાર સમી, એકની એક દીકરી, ઘડપણની લાકડીને પણ ખોઇ. સૌએ મળીને ફરી એક વાર એની કાયમી વિદાયની તૈયારી કરી. સૌભાગ્યનો સામાન ખરીદ્યો. લીલી બોર્ડરવાળી પીળી સાડી અને 'લીલી ચૂડીઓનો સેટ' જેની જયુને ખૂબ જ હોંશ હતી. તેનાથી એની મૃત્યુની સેજ શણગારવાનો સમય આવ્યો. એની નીસ્તેજ કાયાને, સૌભાગ્યવતિની આ નિશાનીઓ પહેરાવી-ઓઢાડી, આખરી વિદાય વેળાએ સૌના વણથંભ્યા આંસુ માની ફીકરમાં વહી રહ્યા હતાં.

---

(પાનાં 6નું ચાલુ)

સાવ પોલા શબ્દથી વ્યવહાર છે,
મૌનનો મહિમા કરીને શું કરું?
શબ્દ તો કોલાહલોનું દ્વાર છે!
- મણિલાલ પટેલ

*****

પરબીડિયાની વચ્ચે ઉદાસી
ઊગી હશે,
શબ્દો તો એના એ જ છે,
અર્થો જુદા હશે.
- શ્યામ સાધુ

*****

મૌનની સરહદ વટાવી જાવ તો,
શબ્દ સઘળાં બિનજરૂરી હોય છે.
- આદિલ મન્સૂરી

તો વળી, શ્રી ભગવતીકુમાર શર્માએ એક સાહિત્યકાર માટે શબ્દની મહિમા વર્ણવતાં કહ્યું હતું, "મને શબ્દનો તરાપો ન મળ્યો હોત તો હું નિઃસંદેહ રાન રાન અને પાન પાન થઇ ગયો હોત અને એટલે જ હું પ્રતીતિપૂર્વક કહું છું કે, જ્ઞાતિની દ્રષ્ટીએ મારી કુળદેવી ભલે મહાલક્ષ્મી હોય પરંતુ મારે માટે તો મારી કુળદેવી અશેષભાવે માં સરસ્વતી જ છે અને એ સરસ્વતીને હું શબ્દકુસુમો વડે પૂજતો-આરાધતો રહ્યો છું. તેથી જ કહું છું કે શબ્દ જ કુળદેવતા છે, બલકે મારાથી ઢબે કહું તો, શબ્દ જ માઝા કુળદૈવત આહે."

અંતે અચૂક ટાંકવું રહ્યું કે.....

શબ્દ એક શોધો ને આખી સહિતા
નીકળે,
કૂવો એક ખોદો ને આખી સરિતા
નીકળે.
જુદી તાસીર છે આ ભારતની
ધરતીની,
કે, મહાભારત વાવો ને ગીતા
નીકળે...



# અજબ ગજબ લાગણીઓ !



લેખ
કર્ણવી શાહ

આજે તમે કેવું ફીલ કરો છો? ખુશ છો? ગુસ્સામાં છો? bore થાઓ છો ? કે પછી ચિંતામાં છો? - આ અમુક બેઝિક લાગણીઓ છે કે જેને તમે નામ આપી શકો છો. જેમ કે ખુશી, દુઃખ, ગુસ્સો, ડર, નિરાશા વગેરે વગેરે..પણ અમુક વાર આપણે એવું પણ ફીલ કરતા હોય છે કે જેનું કોઈ ચોક્કસ નામ નથી હોતું. જેમ કે એ ફીલ જયારે તમે ના તો ખુશ હો, ના તમે દુઃખી હો - કંઇક વચ્ચેની સ્થિતિમાં હોવ! અમુક લાગણીઓ આપણે બહુ સારી રીતે ઓળખીએ છીએ. જેના આપણી પાસે નામ છે અને કદાચ એટલે જ આપણે તેને સારી રીતે ફીલ પણ કરીએ છીએ.

પણ અમુક લાગણીઓ - જે બહુ ઓછી માત્રામાં ફીલ થાય છે અથવા તો બહુ જ ઝડપથી ફીલ થાય છે






કે આપણે તેને અલગ નથી પાડી શકતા અને જેના માટે આપણી પાસે કોઈ નામ પણ નથી હોતું. જેમ કે આપણે ત્યાં થોડા દિવસ મહેમાનો આવે, ત્યારે આપણને થાય કે તેઓ જલ્દી જાય તો સારું અને તે જાય પછી આપણે ને ઘર ખાલી ખાલી લાગવા લાગે, - આવી કૈંક ફીલ - પણ આપણી પાસે તેનું કોઈ વિશિષ્ટ નામ નથી!

Tiffany Watt Smith - નામની લેખિકાએ એક પુસ્તક લખ્યું છે - “The Book of Human Emotions”! આ પુસ્તકમાં તેમણે એવા emotionsની વાત કરી છે જે આપણે અનુભવતા હોય પણ આપણને તે ચોક્કસ ખબર ના હોય. ઘણા ઈમોશન્સ એવા છે કે અલગ અલગ સંસ્કૃતિઓમાં, અલગ અલગ ભાષા, સાહિત્યમાં જેનો ઉલ્લેખ કરાયેલો છે પણ આપણા માટે અજાણ્યા છે. જેમ કે મેં જે ઉપર કહ્યું, મહેમાનોવાળું તેના માટે New Guineaના લોકો પાસે એક શબ્દ છે “Awumbuk”. અને આ ફીલ દૂર કરવા માટે જયારે મહેમાનો જાય તે રાતે તેઓ એક વાટકામાં પાણી ભરી ઓરડામાં રાખે છે અને સવારે વહેલા ઉઠી તે પાણી ઝાડને પાઈ દે. (આ બુકમાં પહેલો શબ્દ છે - “અભિમાન”, જોકે તે સ્મિથે થોડો અલગ રીતે રજૂ કર્યો છે - (“સ્વભિમાન”ના સંદર્ભમાં.)

એ જ રીતે અમુક વાર આપણને એવું ફીલ થાય છે કે આ વસ્તુ આપણી સાથે પહેલા બની ગઈ છે અને ફરી એ જ રીતે બની રહ્યું છે - જેને “દેજા વું” ની ફિલિંગ કહે છે. તે જ રીતે ક્યારેક પ્લેટફોર્મ પર ટ્રેન આવતી હોય ત્યારે અચાનક વિચાર આવે કે પ્લેટફોર્મ પરથી કૂદી જઈએ તો? અથવા તો પહાડ પર ગાડી ચલાવતા વિચાર આવે કે સ્ટિયરિંગ બીજી બાજુ ફેરવી ખીણમાં પડી જઈએ તો? આ ઈમોશનને ફ્રેન્ચ માં l’appel du vide, or “the call of the void “ કહે છે. એવો જ એક ફ્રેન્ચ શબ્દ છે - “Depaysement”. અમુક વાર માણસો વિદેશમાં કે પોતાના ઘર, શહેર, રાજ્યની બહાર બીજી જગ્યા પર પોતાના વ્યક્તિત્વથી કંઇક અલગ કરતા હોય છે. જે ઘરમાં માંડ બોલતું હોય તે અચાનક બહાર નવા લોકોની સાથે વાતો કરવા માંડે અથવા તો પહેરવેશમાં કે રીતભાતમાં ફેરફાર લાવી દે. ( જો “તમાશા” ફિલ્મ જોઈ હોય તો રણબીર કપૂર જે રીતે કોર્સિકામાં વર્તે છે તે રીતે ) - જયારે તમે “outsider” અને “lost” ફીલ કરતા હોવ ત્યારે આ લાગણી અનુભવાય છે.

ઘણી વાર આપણાથી વધારે ઊંચો હોદ્દો ધરાવતા લોકો સામે આપણે ચૂપ થઇ જઈએ છીએ, તે આપણને સવાલ પૂછે અને જવાબ ખબર હોવા છતાં પણ આપણે નથી આપી શકતા. તેમની પર્સનાલિટી કે તેમનો હોદ્દો, તેમની એક ઇમેજ આગળ આપણી બધી જ આવડતો બાષ્પીભવન થઈ જાય છે. આ ફીલ માટે ઇન્ડોનેશિયાના લોકો પાસે શબ્દ છે - “Malu” - જયારે અચાનક જ તમે તમારાથી વધારે ઊંચા પદ ધરાવતા વ્યક્તિ આગળ સંકુચિત, લઘુપણું ( Inferior ) કે awkward અનુભવવા લાગો.

તે જ રીતે અમુક વાર આપણે આપણી મદદ કરતા લોકોને શંકાથી જોવા લાગીએ છીએ કે કેમ લોકો આપણી મદદ કરે છે ? તેમાં તેમનો કોઈ સ્વાર્થ તો નહિં હોય ને? અથવા તો આપણા મિત્રો આપણા જન્મદિન પર આપણને સરપ્રાઈઝ બર્થડે પાર્ટી આપે ત્યારે આપણે ખુશ થવાને બદલે એવું વિચારીએ કે આ લોકો મારી ખુશીનું કેમ એટલું વિચારે છે? - તો આ ઈમોશન ને કહે છે “Pronoia” - જયારે કોઈ આપણને મદદ કરે કે ખુશ કરવા પ્રયત્ન કરે તેનાથી આપણને ચીડ ચઢે. અમુક વાર આપણે “Torschlusspanik” ઈમોશન પણ અનુભવીએ છીએ. આ જર્મન શબ્દનો અર્થ છે “gate-closing panic, “ - જયારે કોઈ પણ કામની ડેડલાઈન આવે, અથવા પરીક્ષામાં છેલ્લી 10 મિનિટનો ઘંટ વાગે, ભલે માત્ર બે લીટી લખવાની બાકી હોય છતાંય જે પેનિક થઇ જવાય - તે લાગણી.




આ અમુક શબ્દો છે જે સ્મિથે તેના પુસ્તકમાં ઉલ્લેખ કર્યો છે પણ આવી જ બીજી અનેક લાગણીઓ છે કે જેના માટે આપણી પાસે કોઈ ચોક્કસ શબ્દો નથી. તેના માટે નવા શબ્દો બનાવવા John Koenig, નામના લેખકે એક વેબસાઈટ બનાવી છે - "Dictionary of Obscure Sorrows," - આ વેબસાઈટમાં અમુક અજીબ લાગણીઓ, કે જેનું કોઈ ચોક્કસ નામ નથી તેના માટે અમુક નવા શબ્દો બનાવેલા છે  જેમ કે "Jouska" - જયારે આપણે આપણા મનમાં જ વાતચીત પહેલેથી વિચારી લઈએ છીએ કે સામેવાળું આમ કહેશે તો હું આમ કહીશ, પછી આ વાક્ય આવશે, આ દલીલ થશે, હું આ જવાબ આપીશ - વગેરે વગેરે. તે જ રીતે જયારે આપણને એવું લાગે કે અમુક વસ્તુને જે રીતે અનુભવવી જોઈએ તે રીતે આપણે નથી અનુભવતા. જેમ કે પ્રવાસો દરમિયાન નવી જગ્યાઓ જોઈ કે કોઈ પહાડ પર સુંદર સનસેટ જોઈ એવું થાય કે મારે આ વસ્તુનો જેટલો આનંદ લેવો જોઈએ તેટલો હું નથી લઈ રહી. એ અનુભવ હું પુરેપુરો નથી માણી શકતી - આ જે લાગણી છે તેના માટે શબ્દ છે  - "the bends". અને ફેસબુક પર કે ઇંસ્ટાગ્રામ પર નવી જગ્યાઓના, નવી ફૂડ ડિશના કે નવા એડવેન્ચરના ફોટા જોઈને ઘણી બધી વાર એવી ફીલ પણ આવતી હશે કે " યાર.... આપણે દુનિયામાં હજી કેટલું જોવાનું બાકી છે? કેટલા નવા અનુભવો કરવાના છે !......" - આ જે લાગણી છે તેને કહે છે  "onism"

ઘણી વાર કોઈક જગ્યાએ ભીડમાં તમે એ વ્યક્તિનો ચહેરો શોધતા હોવ જેની ત્યાં હોવાની સંભાવના બિલકુલ શૂન્ય હોય. છતાંય તમે તેને ત્યાં શોધતા હોવ - જેને બોલીવુડની ફિલ્મોમાં "પ્રેમ" તરીકે દર્શાવાય છે તે ઈમોશનનું નામ છે -  Waldosia ! ઘણીવાર અમુક લોકોના એકસેન્ટને કારણે તેઓ અમુક શબ્દોનો ઉચ્ચાર અલગ રીતે કરતા હોય છે અને ઘણીવાર તે ઉચ્ચાર આપણને એટલો મીઠો લાગે કે આપણને થાય કે તે વારંવાર સાંભળ્યા જ કરીએ. - આ લાગણીને જ્હોને નામ આપ્યું છે - "Dialecstatic". ( આવી ફીલ ઘણી વાર આવે જયારે કોઈ નોન-ગુજરાતી ગુજરાતી બોલે !! ) તે જ રીતે ઘણીવાર આપણે અમુક લેખક સાથે જોરદાર કનેક્શન અનુભવીએ છીએ. એ લેખક સદીઓ પહેલા થઈ ગયો હોય અને તે પણ હજારો માઈલ દૂર છતાંય આપણા મગજમાં એ ઘૂમતો રહે છે, એવું લાગે જાણે તે આપણા માટે લખીને ગયો છે કે તેના અનુભવો મુકતો ગયો છે. ( આ વસ્તુ તો ઘણા બધા સારા વાચકોને થતું હશે !! ) આ લાગણીને કહે છે - "Moledro" .

આવી જ રીતે જ્હોને ઘણા બધી લાગણીઓને નામ આપ્યું છે કે જેને આજ સુધી આપણે વ્યકત નહોતા કરી શકતા. ઘણા બધા લોકોનો સવાલ છે કે આ તે આ શબ્દો જાતે કેવી રીતે બનાવે છે?  જ્હોન કહે છે કે બધા શબ્દો ક્યારેક તો બનેલા જ છે. તમે જેમ જેમ શબ્દ પર વિશ્વાસ કરશો, તેમને પ્રેમ કરશો, તેનો ઉપયોગ કરશો તો એ પણ બીજા શબ્દોની જેમ જ બની જશે. તે મોટા ભાગના શબ્દો અલગ અલગ ભાષામાં તેના અર્થો કે સાંસ્કૃતિક સંદર્ભો પ્રમાણે બનાવે છે. લેખિકા સ્મિથ કહે છે કે જયારે તમે કોઈ લાગણીને નામ આપો છો ત્યારે તે હેન્ડલ કરવી, તેને અનુભવવી સહેલી બની જાય છે. તમે જેમ જેમ વધારે ઈમોશન જાણો છો તેમ તેમ તે અનુભવવામાં તમે કમ્ફર્ટ ફીલ કરો છો. જેમ કે જયારે મેં અમુક ઈમોશન વિષે જાણ્યું ત્યારે મને પણ થયું કે હા..હું એવું જ કૈંક અનુભવતી હતી અને કદાચ આ લેખ વાંચીને તમને પણ થશે કે આવું કઇંક ફીલ તો કર્યું છે...અથવા જો ના કર્યું હોય અને ભવિષ્યમાં તમે કરો તો  હવે તમારી પાસે એનું ચોક્કસ નામ હશે !!





# પ્રાગમહેલ

## પ્રજાવત્સલ રાજવીનું સ્મૃતિ સ્થાપત્ય



મારી યાત્રા
કવન વી. આચાર્ય

ભાતીગળ પરંપરા અને ભવ્ય ઈતિહાસ સાચવીને બેઠેલ મલક એટલે કચ્છ. આ મલકની માલેકોર ભવ્ય વારસો ધબકી રહ્યો છે. આ પ્રદેશમાં આવેલ કેટલાય બેનમૂન સ્થાપત્યો પોતાનો ભવ્ય ભૂતકાળ આવનારને સંભળાવવા અચૂક ઉત્સુક હોય છે. આવું જ એક કલાત્મકતા ધરાવતું બાંધકામ એટલે કચ્છના ૨૪માં પ્રજાવત્સલ રાજવી શ્રીપ્રાગમલજી બીજાની સ્મૃતિરૂપ ઈમારત પ્રાગમહેલ.

કચ્છના મહારાવશ્રી દેશલજી બીજા અને મહારાણીશ્રી રૂપાળીબાને ત્યાં ઈ.સ ૧૮૩૯ની ભાદરવા સુદ-પના રોજ કુંવર રવાજીનો જન્મ થયો. સમય જતા કુંવર મોટા થતા ઈ.સ.૧૮૬૦ની શ્રાવણ સુદ-૯ના દિવસે તેઓ મહારાવશ્રી પ્રાગમલજી બીજા નામ ધારણ કરી ગાદીએ બેઠા. સ્વભાવે સરળ અને વ્યવહારકુશળ રાજાએ જયારે કારભાર સંભાળ્યો ત્યારે આખો મલક કેટલીયે સમસ્યાથી પીડાતો હતો. આ સમસ્યાઓનો ત્વરિત ઉકેલ લાવવા તેઓ પ્રયત્નશીલ બન્યા અને પોતાના મલકની પ્રજાને આપત્તિઓમાંથી ઉગારી પ્રજાવત્સલ રાજવી બન્યા.

પ્રાગમલજી એક વજનદાર શખ્સિયત ધરાવતા હતા.એટલે જ તેમની વહીવટી કુશળતાને આજે પણ કચ્છ યાદ કરે છે.તેઓ બાંધકામનો શોખ ધરાવતા હોવાને કારણે કચ્છ રાજ્યમાં તેમણે અશ્વશાળા, ગજશાળા, ટંકશાળા, કોર્ટનું નવું બિલ્ડીંગ, નાનીબા પાઠશાળા, પ્રાગસર તળાવ અને પ્રાગમહેલનું બાંધકામ કરાવ્યું હતું. તથા તેમણે રાજ્ય માટે કેટલાક કાયદાઓ પણ ઘડ્યા અને નવા વ્યાપારને ખુબ પ્રોત્સાહન આપ્યું હતું. કચ્છનો વિદ્યાર્થી ઉચ્ચ અભ્યાસ કરી શકે તે માટે તેમણે સ્કોલરશીપની પણ શરૂઆત કરાવી હતી. તેમણે પ્રાગમહેલ માટે 'Henry Saint Wilkins' નામે એન્જીનીયર પાસે પ્રાગમહેલનો ચિતાર તૈયાર કરાવ્યો હતો.

પ્રાગમહેલ ૧૯મી સદીનું ભવ્ય સ્થાપત્ય છે, તેનું બાંધકામ ઇટાલિયન ગૌથીક શૈલી ધરાવે છે. આ ઈમારતના







બાંધકામ માટે કચ્છ આસપાસ રહેલ ખાણોના પત્થરોનો ઉપયોગ કરાયો છે. પ્રાગપેલેસ ચાર માળમાં બંધાયેલ છે અને ટોચ પર ચોતરફ ઘડિયાળ ધરાવતો ટાવર બનાવવામાં આવ્યો છે, આ ઘડિયાળ લંડનથી ખાસ મંગાવાયેલ. પ્રાગમહેલનો આગળનો ભાગ કોર્ટ કચેરી તથા પાછળ જનાના વિભાગ બનાવાયેલ છે. મહેલના બીજા માળે વિશાળ કદના ૧૪ દરવાજા ધરાવતો દરબાર રૂમ આવેલો છે. તેમાં ગોઠવાયેલા ચિત્રો અને છતને ટેકો આપીને ઉભા રહેલા સ્તંભો પર બનાવાયેલ ઇટાલિયન પુરુષના શિલ્પો અને લટકી રહેલા ઝુમ્મરો હોલની રોનકમાં ચાર ચાંદ લગાડે છે. સાથોસાથ સ્તંભપર લગાડવામાં આવેલા પશુઓના સ્ટફ કરેલ મોહરાઓ અને પૂર્વ દિશામાં મુકાયેલ મહારાવશ્રી ખેંગારજી ત્રીજાનું ભવ્ય તૈલચિત્ર પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બને છે.

૧૨૦ જેટલા ઓરડાઓ ધરાવતા પ્રાગમહેલનું ફર્નીચર સુશોભન ફ્રાંસ અને ઈટાલીથી મંગાવીને કરવામાં આવ્યું હતું. મહેલના ત્રીજામાળે ઘડિયાળની મશીનરી મુકવામાં આવી છે તથા ચોથા માળે વિશાળ કદ ધરાવતા ઘંટ મુકવામાં આવ્યા છે. આ ઘંટને ઘડિયાળ સાથે જોડવામાં આવ્યા હોવાથી અડધી કલાક તથા એક કલાકના સમય મુજબ એ ઘંટ વાગે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

સમગ્ર મહેલનો બાંધકામ ખર્ચ ૩.૧ મિલિયન થયો હતો, આ ઈમારતના બાંધકામ માટે ઇટલીથી પણ કેટલાક કસબીઓને બોલાવવામાં આવ્યા હતા તથા કચ્છના પણ કેટલાક કસબકારો જોડાયા હતા. તમામ કારીગરોને વેતન સ્વરૂપ સોનાનાં સિક્કા આપી તેની આવડતને મહારાવશ્રીએ બિરદાવી હતી. તેવો ઉલ્લેખ નાનજીબાપાની નોંધપોથીમાં જોઈ શકાય છે.

મહારાવશ્રી પ્રાગમલજી આ પેલેસની ભવ્યતા ઉભી કરવા ખુબ પ્રયત્નશીલ રહ્યા હતા પરંતુ ૧૮૭૫ની અચાનક શરૂ થયેલ માંદગીએ તેમના આ સ્વપ્નને પૂરું થવા ન દીધું અને તેઓ ઈ.સ ૧૮૭૫ની પોષ સુદ-૫ને શનિવારના રોજ સ્વર્ગવાસી બન્યા. તેથી તેમનું આ અધૂરું સ્વપ્ન પુત્ર ખેંગારજી ત્રીજાએ ૧૮૭૯માં પૂર્ણ કરી પિતાના સ્વપ્નને સાકાર કર્યું.

લોકહૃદય સમ્રાટ બનેલ રાજવી મહારાવશ્રી પ્રાગમાલજી બીજાની યાદો સાચવીને બેઠેલ આ મહેલ મુલાકાતીઓને પ્રજા વત્સલ રાજવીના ઉમદા કાર્યોની યશગાથા અચૂક સંભળાવે છે. અહીં આમીરખાનની બહું જાણીતી ફિલ્મ ‘લગાન’નું શુટિંગ તથા ગુજરાત ટુરીઝમની ‘ખુશ્બુ ગુજરાત કી’નું શુટિંગ થયેલું છે.

આજે આ ઈમારતનું સંચાલન રાજવી પરીવારના મહારાવશ્રી પ્રાગમલજી ત્રીજાની દેખરેખ હેઠળ કરવામાં આવે છે.આ માટે ૧૯૭૨માં મહારાવશ્રી મદનસિંહજી સાહેબ કચ્છ બેનીવોલન્ટ ટ્રસ્ટની રચના પણ કરવામાં આવી છે. ક્યારેક કચ્છમાં જવાનું થાય તો અચૂક પ્રાગમહેલની મુલાકાત લેજો અને આ ભવ્ય ઈમારતની કોઈ દીવાલ પર કાન ટેકવશો તો આ દીવાલો પોતાના રાજવીની યશોગાથા અચૂક આપને સંભળાવશે જ.





ઝિંદગી-એક સફર

નેન્સી શેઠવાળા



# વળાંક

જિંદગીમાં ક્યારેક વધારે પડતું સુખ પણ કરડવા લાગે. પૈસો જ બધું સુખ હોત તો જીવનમાં કોઈ અમીર વ્યક્તિ દુ:ખી ન હોત. આર્થિક અને શારીરિક રીતે કોઈ કચાસ ન હતી પણ ક્યાંક કંઇક ખૂટતું હોય એમ લાગતું.

"જીમિત, હું નોકરી કરું એમાં વાંધો શું છે તને..?"

"નીપા આપણી પાસે કંઈ વાતની ખોટ છે કે તારે નોકરી કરવાની જરૂર પડે. આટલો મોટો બંગલો છે, ગાડી છે, ઘરમાં નોકર-ચાકર છે, બેંક બેલેન્સ છે. તું નોકરી કરે એ મને પસંદ નથી.."

જીમિતની નામરજી હોવા છતાં નીપાએ કોલેજમાં પ્રોફેસરની નોકરી શરૂ કરી દીધી. એક જ છત નીચે અચાનક મળી ગયેલાં મુસાફરોની જેમ જીવતા. રાત્રે બંને મળતાં ત્યારે નીપા કોલેજની વાતો અને જીમિત બિઝનેસની વાતો કરતો. ક્યારેક બંને વિચારતાં, એકબીજામાં રસ દાખવીને, અનુકુળ થઈને થોડી બાંધછોડ કરીને જીવવું જોઈએ પણ એનાં માટે પહેલ કોણ કરે એ મોટો પ્રશ્ન હતો.

આખરે એક દિવસ નીપાએ કહ્યું, "આપણે સાથે જીવીએ કે ન જીવીએ બંને સરખું જ છે. આનાં કરતાં તો આપણે અલગ થઈ જઈએ એ જ વધારે સારું રહેશે. "સારું થયું તે કહ્યું નીપા, હું પણ આવું જ કંઇક વિચારતો હતો, પણ કહેતાં સહેજ ખચકાટ થતો હતો. જીમિતે વળતો જવાબ આપ્યો."

નીપાને એમ કે જીમિત ડિવોર્સની તૈયારી કરશે અને જીમિતે ધારેલું કે નીપા તરફથી નોટિસ આવશે. કોઈને કોઈના તરફથી નોટિસ ન મળી. બંને પોત-પોતાની લાઈફમાં બીઝી થઈ ગયાં. જોત-જોતામાં ત્રણ વર્ષ વીતી ગયાં. આ સમયમાં બંનેને શૂન્યાવકાશ લાગવા માંડ્યો. અલગ થયા બાદ બંનેને લાગતું કે એકબીજાએ અહમ્ બાજુ પર મુકીને એકબીજાની વાતમાં રસ દાખવ્યો નહતો. જીમિત અઢળક સંપત્તિ વચ્ચે પણ અકળામણ અનુભવતો હતો. છુટા પડ્યા પછી નીપાએ અનુભવ્યું, પુરુષની છત્ર-છાયા વગર યુવાન સ્ત્રીને આ દુનિયામાં જીવવું બહુ અઘરું પડી જાય છે. ઘણાં પુરુષો એની જિંદગીમાં રસ લેતાં દોડ્યા આવતાં, શિક્ષણ જગત હોય કે ફિલ્મી જગત કે પછી રાજકારણ પણ પુરુષ એટલે પુરુષ.

એક ઢળતી સાંજે જીમિત નીપાને ત્યાં જઈ ત્યાં જઈ ચડ્યો. નીપા તારા ગયાં પછી મને તારું મૂલ્ય સમજાયું છે....

...અને મને પણ, જીમિત...

અલગ થવાનું તે કીધું હતું અને આજે ફરીથી સાથે રહેવાનો પ્રસ્તાવ હું મુકું છું. એ ફરીથી આપણું ઘર બની શકે એમ છે.?"

જીમિત અને નીપાના આ નિર્ણયથી મિત્ર-વર્તુળમાં ફરી બધાને આંચકો લાગ્યો.



**હું અને મારી વાતો**
રશ્મિ જાગીરદાર

# તલાક



પંદર વખત રીંગ ગઈ પણ એનો ફોન વ્યસ્ત જ આવ્યા કર્યો, આવી ગડબડ બીએસએનએલના લેન્ડ લાઈન ફોનમાં થઇ શકે. એમાં તો મિસ કોલની ખબર પણ ના પડે.પણ મોબાઈલમાં? એક-બે વાર રીંગ જાય અને ફોન વ્યસ્ત આવે કે, પછી કોઈ ઉપાડે નહીં, તે તો શક્ય પણ ખરું અને સ્વીકાર્ય પણ ખરું. પણ પંદર વખત ફોન વ્યસ્ત આવ્યો, તે ઘટના સામાન્ય ના ગણાય. અને હું ઓફિસેથી જલ્દી નીકળી ઘર તરફ..જવા નિકળ્યો. મને યાદ આવ્યું કે, સામાન્ય રીતે હું સાંજના ચાર વાગ્યા પછી જ ફોન કરતો. પણ આ રીતે દોઢ-બે વાગે ફોન કરું, ત્યારે ફોન એન્ગેજ આવ્યો હોય, તેવું પહેલાં પણ બની ચૂક્યું હતું. આજે પંદર વખત ફોન એન્ગેજ ન આવ્યો હોત, તો કદાચ આ વાત મારા ધ્યાનમાં ન આવત.એટલે મેં નક્કી કર્યું, આજે તો મારે વાત જાણીને જ છૂટકો કરવો છે. મારી ગાડી ઘરથી થોડે દૂર હતી, તે જ સમયે ઘરના દરવાજાની અંદર મેં રીક્ષા ઉભેલી જોઈ. મેં ઝડપથી ગાડી બાજુમાં લીધી જેથી રિક્ષામાં જનાર ગાડી જોઈને મને ઓળખી ના જાય. છુપાઈને રિક્ષામાં કોણ છે તે જોવા મેં પ્રયાસ કર્યો. રીક્ષા ધીમી સ્પીડે દરવાજા બહાર નીકળી. મારા આશ્ચર્ય વચ્ચે રિક્ષામાં તાના હતી. બ્રેક મારીને મેં ગાડી રોકી અને ત્યાં ઉભેલી રિક્ષામાં બેસીને તાના વાળી રીક્ષાનો પીછો કરવા સૂચવ્યું.

રીક્ષા પુરપાટ દોડતી હતી. ટ્રાફિકમાં પીછો કરવાનું મુશ્કેલ હતું. પણ મેં રિક્ષાચાલકને મરણિયા થઈને પણ પીછો છૂટે નહિ, તેની તકેદારી રાખવા કહ્યું. મારુ ધ્યાન તાનાની રીક્ષા પર સતત રાખ્યું હતું, એટલે અમે કયા એરિયામાંથી પસાર થતા હતા , તેનો પણ ખ્યાલ નહોતો. અચાનક એ રીક્ષા થોડી ધીમી થઇ, અને એક ફ્રૂટની લારી આગળ અટકી. થોડા અંતરે અમે પણ અટક્યા.તાનાએ રિક્ષામાં બેઠાંબેઠાં જ થોડાં ફ્રૂટ્સ લીધા અને તરત રીક્ષા ફરી દોડવા લાગી. જે ઝડપે તાનાની રીક્ષા દોડતી હતી તેના પરથી સ્પષ્ટ ખ્યાલ આવતો હતો કે, એને ક્યાંક પહોંચવાની ઉતાવળ હતી. છેવટે તેની રીક્ષા હિંદુ - મુસ્લિમની મિક્સ વસ્તી વાળા દરિયાપુરની, એક ગલી આગળ અટકી. તેણે રીક્ષાવાળાને ભાડાની ચુકવણી ના કરી, એને ઉભા રહેવાનો ઈશારો કર્યો.

પંદર-વિસ મિનિટમાં તાના પાછી ફરી તેની સાથે ડોક્ટર જણાતા એક ભાઈ પણ નીકળ્યા. થોડીવાર તેમની સાથે કૈં ચર્ચા કરીને તે રિક્ષામાં બેસીને નીકળી ગઈ. હું શું કરવું તેની ભાંજગડમાં થોડીવાર રિક્ષામાં જ બેસી રહ્યો. હવે તાનાની રીક્ષાનો પીછો કરવાની જરૂર નહોતી. દેખીતી રીતે જ તે ઘરે જશે એ ખબર હતી. રીક્ષાવાળાને ભાડું ચૂકવીને છૂટો કર્યો. બાજુની દુકાનમાંથી મેં થોડાં બિસ્કિટ લીધાં, પછી તાના જે ઘરમાં ગયેલી તે ઘરમાં જવા માટે મેં બારણું ખટખટાવ્યું. " સારા, તું ? આજા બેટી, ક્યાં બાત હૈ?" " નહીં આંટી મેં સારા નહીં,વો જો અભી ગઈ, વો યે બિસ્કિટ દેનાં ભૂલ ગયી થી, ઓર જલદીમે થી, તો મુઝે દેનેકે લીએ ભેજા, મૈં યહા પાસમેં રહતા હું." આવું જૂઠું બોલવાથી હું અંદરથી ગભરાઈ ગયો, એ આંટી સાથે વાત કરીને પરિસ્થિતિ જાણવાની ઈચ્છા હતી, પણ મારાથી એ ન થઈ શક્યું. અને મેં વિચાર્યું, -મારે તાના સાથે જ વાત કરવી જોઈએ. અમે બંને પતિ પત્ની હોવા છતાં મિત્રો બનીને રહેતાં હતાં,અને છતાં આ વાત, તેણે મારાથી છુપાવી છે, તો ચોક્કસ કોઈ સોલીડ કારણ હોવું જોઈએ. આવી મુંઝવણમાંથી

નીકળવામાં હું તાનાને મદદ નહિ કરું તો કોણ કરશે?

હું ઘરે ગયો અને જાણે કૈં જ ના બન્યું હોય, તેમ હું અને તાના બંને નોર્મલ રહ્યા. મેં વિચાર્યું, મારી કોઈ વાતથી તાના ને આઘાત ના લાગવો જોઈએ. બહેતર એ રહેશે કે, હું તાનાના પિતા સાથે વાત કરું , તેની મમ્મી તો ચાર વર્ષ પહેલાં જ ગુજરી ગયેલાં. બીજા દિવસે તાનાએ મારા લંચબોક્સ માટે ઢોકળાં બનાવેલાં. તે જોઈને મેં કહ્યું, "તાના એક બોક્સ પપ્પા માટે પણ ભર હું ઓફિસ જતાં આપીને જઈશ." તાના ખુશ થઈ. ઢોકળાં લઈને હું મારા સસરાના ઘરે પહોંચ્યો.

" લો પપ્પા તાના એ તમારા માટે ગરમ ઢોકળાં મોકલ્યાં છે, આજે હું થોડો મોડો ઓફિસ જવાનો છું એટલે થયું કે તમને આપીને થોડીવાર બેસીને જઈશ." બેસવાનું બહાનું તો મળી ગયું, પણ વાત કેવી રીતે કરું, તે સમજાતું નહોતું. તેમણે ઢોકળાં ખાઈ લીધા ત્યાં સુધી શાંતિથી બેઠો.

" આ સારા કોણ છે?" એકાએક મારા મોઢેથી સવાલ સરી પડ્યો. પપ્પા ચમક્યા મારી સામે ભયભીત નજરે જોઈને કહે ," શું? સારા? તમે તેને કેવીરીતે ઓળખો?"

"ઓળખાતો નથી, એટલે તમને પૂછું છું." "બેટા તમે અને તાના જે રીતે પ્રેમથી રહો છો હું ખશ છું, અને આશા રાખું કે, મારી આજની વાત સાંભળીને તમે તાનાને એટલા જ પ્રેમથી રાખશો." " હા પપ્પા, ડોન્ટ વરી , બોલો." અને તાનાના પપ્પાએ વાત શરુ કરી.

"મારી પહેલી જોબમાં મારી સાથે એક મુસ્લિમ યુવતી જરીન હતી, અમે ક્યારે એકબીજાના પરિચયમાં આવ્યાં અને પ્રેમમાં પડ્યાં ખબર જ ના પડી. પણ પરણવાનો વિચાર કર્યો ત્યારે ભાન આવ્યું કે મામલો ગંભીર હતો. હું મુસ્લિમ ધર્મ સ્વીકારું, તો જ એના માબાપ લગ્નની રાજા આપે. મેં તેમ ના કર્યું, છતાં જરીન મારા પ્રેમમાં એવી ઘેલી હતી કે, તે મારી પાસે આવી ગઈ અને તેણે હિન્દૂ બનીને મારી સાથે સંસાર શરુ કર્યો. તે પ્રેગ્નેન્ટ રહી ત્યાં સુધી મારી હિમ્મત નહોતી કે, મારા મુસ્લીમ યુવતી સાથેનાં લગ્નની વાત મારા ઘરે કરું.

છેવટે દીકરી જન્મી તેને લઈને, અમે મારા માતાપિતા પાસે આશીર્વાદ લેવા ગયાં. તેઓ કોઈ રીતે જરીનને સ્વિકારવા તૈયાર ના થયા. જરીન મને દિલોજાનથી ચાહતી હતી, અને હું પણ. એટલે હું અને જરીન દીકરીને લઈને પાછા ગયાં. એક બાજુ મારા માતા પિતાએ, અમારી જ્ઞાતિની યુવતી સાથે મારા લગ્નની વાત ચલાવી. દેખીતી રીતે જ જરીન સાથેના મારા લગ્નની વાત છુપાવી હતી. મારા પર જરીનને છોડી દેવા માટે ખાસું દબાણ કરવામાં આવતું હતું. એ વાતને લઈને મારા અને જરીન વચ્ચે ખટરાગ ચાલુ થઇ ગયો. રોજના કકળાટથી કંટાળીને,મને જરીન પર સખત ગુસ્સો આવ્યો હતો. મારા એક મિત્રે મને સલાહ આપી કે, જરીન તો મુસ્લિમ છે જ, તું પણ મુસ્લિમ બની જા, તો કકળાટ તો બંધ થાય. એ વાત પર મેં મુસ્લિમ બનીને તેમનો ધર્મ અંગીકાર કર્યો. જરીનના માબાપ એ વાતથી ખુબ રાજી થયાં.

કોણ જાણે કેમ, હું મુસ્લિમ બનીને નહિ જ જીવી શકું તેમ મને લાગ્યું. અને એક દિવસ ત્રણ વાર "તલાક- તલાક-તલાક " બોલીને મેં જરીનને છુટા છેડા આપી દીધા. અને મારા માબાપની પસંદગીની છોકરી સાથે લગ્ન કરી લીધાં. ખાસ તલાક આપવા માટે જ, મેં મુસ્લિમ ધર્મ અંગીકાર કર્યો, તેવું જરીનને લાગ્યું. મારી બીજી પત્ની લીના ખુબ સમજુ અને ઠરેલ હતી. થોડા સમયમાં જ તેણે મારો વિશ્વાસ જીતી લીધો. ધીમે ધીમે મારી મુંઝવણની વાત તેને કરી, મારી દીકરી વિષે વાત કરી તો, તેણે સલાહ આપી કે,દીકરીને તમે લઇ આવો તો જરીન પણ સહેલાઈથી બીજી શાદી કરી શકે.

એક દિવસ હિમ્મત કરીને જરીનને મળ્યો અને મારી દીકરી સારાને ખુબ વ્હાલ કર્યું. મારા મનની વાત સમજી ગઈ હોય તેમ તેણે કહ્યું કે, હું ઈચ્છું તો દીકરી સારાને લઇ જઈ શકું છું. તે વખતે આભારવશ થઈને હું જરીનને જોઈ રહ્યો. અને એક અક્ષર પણ બોલ્યા વિના સારાને લઈને નીકળી ગયો. લીનાએ પ્રેમ પૂર્વક સારાને લીધી અને છાતી સરસી ચાંપી. તેણે દીકરીને તાના નામ આપ્યું. લીના સાલસ અને પ્રેમાળ હતી. તે સારાને લઈને જરીનને મળતી રહેતી. જરીનનું ધ્યાન રાખતી અને જરૂરી મદદ કરતી. છેલ્લા કેટલાક સમયથી સારા બીમાર હતી. લીના ગુજરી ગઈ, તે પહેલાં તેણે તાનાને સાચી હકીકત જણાવીને તેની સાચી માને મળતા રહેવાનું અને તેની સેવા કરવાનું વચન લીધેલું"

મારા સસરાની વાત સાંભળીને મને બધું જ સમજાઈ ગયું. તે દિવસે હું ઓફિસ જવાને બદલે સીધો ઘરે ગયો અને તાનાને સમજાવ્યું કે હું હંમેશાં તેની સાથે છું. જરીન મારી પણ અમ્મી છે.બીજી વાર તાના અને હું બંને સાથે અમ્મીને મળવા ગયાં ત્યારે સૌના મનમાં ખુશી હતી.

# હરામના પૈસા



વાર્તા

રોહિત કાપડિયા

ચાર વર્ષ પછી એ ભાણીનાં લગ્ન પ્રસંગે વિદેશથી ગામમાં આવ્યો હતો. સ્ટેશન પર કોઈ લેવાં આવ્યું ન હોવાથી એ જરા મૂંઝાયો.ત્યાં જ પંદરેક વર્ષનાં, સફેદ ખમીસ અને અર્ધી ખાખી ચડ્ડી પહેરેલાં એક છોકરાએ પૂછ્યું "સાહેબ,તમારો સામાન ઊંચકી લઉં?":સોનાનાં સિગારેટ કેશમાંથી સિગારેટ કાઢતાં એણે કહ્યું "કેટલા રૂપિયા લઈશ?."પેલા છોકરાએ કહ્યું "સાહેબ, ત્રીસ રૂપિયા આપજો. "સિગારેટ સળગાવતા કંઇક તિરસ્કારથી પ્રત્યુતર મળ્યો "ચલ,ચલ બે સામાનનાં ત્રીસ રૂપિયા થોડા હોય. વીસ રૂપિયા આપીશ."ને પેલાં છોકરાએ કાકલૂદીભર્યા સ્વરે કહ્યું "સાહેબ, ત્રીશ રૂપિયા આપી દેજો ને. તમારો સામાન ઠેઠ રીક્ષામાં મૂકી દઈશ. મને પૈસાની બહુ જ જરૂર છે. "સીગારેટનો ઊંડો કશ લેતાં એણે કહ્યું "પૈસા કંઈ હરામના નથી આવતાં. વીસ રૂપિયા કબૂલ હોય તો સામાન ઉઠાવ, નહીં તો ચાલતી પકડ."ને છોકરો મજબૂરીથી સામાન લેવાં નીચે નમ્યો. ત્યાં જ એ અવાજ "કાકા,આવી ગયાં. લેવાં આવવામાં જરા મોડું થઇ ગયું." સાંભળતા જ એણે ઊંચું જોયું ને કાકાનો ભત્રીજો બોલી ઉઠ્યો "અરે,અમર! તારી બા તો બીમાર છે, ને એટલે તો તું શાળાએ પણ નહીં આવ્યો. તું અહીં શું કરે છે?" અમરે સામાન ઉંચકતા કહ્યું "બસ, આ દવાના પૈસા થઇ જાય એટલે..."ને એ સામાન લઇ ચાલી નીકળ્યો.

સ્પર્શ દઈ
પાણી વહી જાતું હશે
ત્યારે આ પત્થરોને
કંઈક તો થાતું હશે
-રમેશ પારેખ

એકાદ એવી યાદ
તો છોડી જવી હતી
છૂટ્ટા પડ્યાની વાતને
ભૂલી જવી હતી
વહેતા પવનની જેમ બધું
લઈ ગયાં તમે
થોડીઘણી સુગંધ તો મૂકી
જવી હતી
– કૈલાસ પંડિત

# કોયલ પ્યારી

આમ્રવનોમાં ઉડતી કોયલ,
બતાવી રહી જ્યાં હરીયાળી.
તું ટહુકે ત્યાં સર્વે આખર,
મઘમઘતી સૌ ફુલવાડી.

વાત મળે મારગ મારગ,
ડોલરીયાના કાને કહેજે.
સગડ મળે ના કોઇ ભલે,
સુગંધ સઘળી શ્વાસે લેજે.

કોકીલ સાથે ગમ્મત રમજે,
થઇને મીઠી ઘરવાળી.
તું ટહુકે ત્યાં સર્વે આખર,
મઘમઘતી સૌ ફુલવાડી.

ખપ પડે ત્યાં જમરુખ-જાંબુ,
મધુરા વળી તુ ચાખજે.
મારા માટે ડાળે-ડાળની,
યાદી લઇને રાખજે.

આંખોના મચકારાવાળી,
અદાઓ તારી અલગારી.
તુ નખરાળી,તુ કજરાળી,
આંગણ મારે અજવાળી.

તું ટહુકે ત્યાં સર્વે આખર,
મઘમઘતી સૌ ફુલવાડી.



ક્ષતિ (અક્ષિતા ભટ્ટ)
કવિતા Cafe

# કેવું સારું?

ગાલમાં લાલી ફૂટે એવું છાને તો કહી દીધું તમે,
લગ્નવેદી સામે લાલી પ્રગટાવો તો કેવું સારું?

સંબંધ રહ્યો આપણો ભીનાશનો વરસાદ તમે,
પાન કમળનું અમે છતાં ભીંજાઈએ તો કેવું સારું?

મોહ્યાં અમને સંધ્યાના સોનેરી રંગ ઓઢી તમે,
ક્ષિતિજેથી રાત કાયમી વિદાય લે તો કેવું સારું?

નાવ આપી છે ફાંકડી દરિયામાં ઝૂકાવવા તમે,
રેત દરિયામાંય અમે વહી જઇએ તો કેવું સારું?

મિલનની આશમાં ભ્રમર થઈ આવી ગયા તમે,
કમળ થઈ આજીવન કેદ કરીએ તો કેવું સારું?

નામ તો લખી નાખ્યું છે, અમારા પર તમારું,
ને હવે ગઝલ ઉઠે એને ઈર્શાદ કહો તો કેવું સારું?



અર્ચિતા પંડ્યા
કવિતા Cafe

આભેથી વરસ્યો મન મૂકી મેહુલિયો,

ઝરમર વરસ્યું વહાલ ભીતરમાં.

ઉઠી રોમાંચકતા વાતાવરણમાં,

પ્રસરી માદકતા ભીતરમાં.

ઉઠ્યા વમળ તારી યાદોના,

પડી ગુલાબી ભાત ભીતરમાં.

ચુભે શૂળ રોમેરોમે તારી યાદોના,

વાગે બાણ પ્રેમભરી નજરોના.

ઝીરવી ના શકાયો આ ભાર ગગનથી,

વરસી પડ્યા પ્રેમબિંદુ નભથી.

વિહ્વળ બન્યું શાને ચાતક મારુ મન,

તું,

તારી અનરાધાર યાદો,

કે પછી

આ મેહુલિયો.



શીતલ પંચાલ

કવિતા Cafe

# એવુંય તો બને ?

ચાહું છું હું તને એવું જ તો નથી!

ચાહે છે તું મને, એવુંય તો બને?

વધે અજંપો જોને તારી રાહનો!

ઝંખતી હો તુંયે, એવુંય તો બને?

નથી કર્યો તલભાર સામનો તારો!

ઝુંકાવ્યુ છે શિર, એવુંય તો બને?

હતી લાગણીને, રહેશે ઘણેરી!

ભૂલી હો તું વળી, એવુંય તો બને?

આવીશ જ યાદ નિત તું “ભગી” ને!

કરીશ કદી તું પણ, એવુંય તો બને ?



ભગીરથ ભટ્ટ

કવિતા Cafe

# "રાહ"

સમયઅંતરને પૂર્ણવિરામ ના હોય,

માત્ર અંતરનો વ્હેમ હોય....

દિવસરાતને કયાંય સ્થિરતા ના હોય,

માત્ર અવિરત ગતિ હોય....

આભપાતાળને સીમારેખા ના હોય,

માત્ર મૃગજળી આશ હોય....

પ્રેમપાત્રમા મિલન ને વિરહ ના હોય,

માત્ર આલિંગનની રાહ હોય....



હેતલ ઝીંઝુવાડિયા (હેત)
કવિતા Cafe

# 'સમય'

ભલેને, આજે નહીં તો કાલે જીત મળશે જ ને,

આ હારમાંથીય કાંઈક અનુભવ તો મળશે જ ને;

'જગદીશ' તું ગણ તો ખરી જિંદગીના દાખલાને,

પૂરા નહીં તોયે, સ્ટેપ્સના માર્કસ તો મળશે જ ને.

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

તું જ છે

તું જ કાગ, તું જ હંસ છે,

તું જ સર્જન, તું જ ધ્વંસ છે;

આ મૃત્યુલોકની મથુરાનગરીમાં,

તું જ કૃષ્ણ, તું જ કંસ છે.



જગદીશ કરંગીયા 'સમય'
કવિતા Cafe
~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

# કે હેતે અર્પું હું ફૂલછાબ

ખળખળ વહેતાં ઝરણાં અમે,
તમે પિતાજી પહાડ
જગ વાવાઝોડાં ઝીલ્યાં તમે,
દઈ સાવજસી દહાડ...કે હેતે અર્પું હું ફૂલછાબ
પવન તમે ને માત ફૂલડું,
મળી આંગણે વસંત
રૂક્ષ દીસતા ચહેરા ભલે,
હસી ખુશીના સંગ
હૈયે જડીયા મોટા ખ્વાબ,
કે હેતે અર્પું હું ફૂલછાબ
તિમિર વેદના વેઠી ઉરે,
ધરી  સુખની છાંય
થઈ ગયા મોટા અમે કેમના,
ન જાણ્યું કદી જદુરાય
દેવ પ્રગટ તમે છો તાત! કે હેતે અર્પું હું ફૂલછાબ
ઘરઘર ઉજળા તમથી મોભી,
ગદગદ લાગું જ પાય
ચક્ષુ અમારા ચરણો ધૂએ,
સમરું સ્નેહ તણા એ દાન
ગાજે મન અંબરે રૂઆબ!
કે હેતે અર્પું હું ફૂલછાબ...ખળખળ વહેતા.



રમેશ પટેલ
(આકાશદીપ)
કવિતા Cafe

"તારા વિના શ્યામ મને
એકલડું લાગે...."
એવું તો નહિ જ લખું....
પ્રેમ એટલે તારા વિના બધું જ
અધૂરું લાગે એવું જ -
વારે-વારે ,
મારા માટે પ્રેમ એટલે તું જ
પહેલી નજરે ભલે સાદો ને સરળ દેખાતો આપણો
સંગાથ...
પણ , હળવા હાથેથી યાદોને જરા જોઈએ તો ,
સરસ ભાત ઉપસી આવે...
આપણી જ...
પણ, તારા વિનાનું ચોમાસું
એક-એક ક્ષણોને પૂછ...
ક્ષણોના સ્મરણોને એક નવો આકાર આપે છે...
પહેલી નજરે વાંચતા સરળ દેખાય એવો
કે, તેનાથી આગળ છે કશુંક....
હા છે...!
એહસાસ ....
સઘળે તું....
તું...બસ તું.....
તોયે તું કહે છે ,
કોઈના પ્રેમમાં નથી.....!! ???



ટીના નંદિની શાહ
કવિતા Cafe

# સારસ્વત સંતાન



સુરેશ જાની
સૌજન્ય
sureshbjani.wordpress.com



## મણિલાલ દેસાઈ

(જાણીતા કવિ)

**જન્મ**

19 જુલાઇ 1939

ગોરગામ જિ. વલસાડ

**અવસાન**

4 મે 1966, અમદાવાદ

ઊંબરે ઊભી સાંભળું રે બોલ વાલમના;
ઘરમાં સૂતી સાંભળું રે બોલ વાલમના.

### જીવનઝાંખી

- માતા – ગજરાબેન
  પિતા – ભગવાનજી

**અભ્યાસ**

- બી.એ. (ગુજરાતી અંને સંસ્કૃત સાથે) – મુંબાઇ
- એમ.એ. (ગુજરાતી) , મુંબાઇ

**વ્યવસાય**

- ઝુનઝુનવાલા કોલેજ, મુંબાઇમાં ગુજરાતીના અધ્યાપક

**જીવનઝરમર**

- ભર યુવાન વયે અકાળ મૃત્યુ

### રચનાઓ

**કવિતા**

રાનેરી (મરણોત્તર – જયન્ત પારેખ સંપાદિત)

**લાક્ષણિકતાઓ**

ગીત, છાંદસ, અછાંદસ, ગદ્યકાવ્ય, અને ગઝલ સ્વરૂપની રચનાઓ

પ્રકૃતિના તત્વોને (ખાસ કરીને અંધકારને) વિષય બનાવતી રચનાઓમાં સમકાલીન નવી કવિતાના લક્ષણો જણાઇ આવે છે.

અભિવ્યક્તિની તાજપ, પ્રયોગશીલતા, નવ્ય પ્રતીકવિધાન, અને પ્રાદેશિક બોલીનાં તત્વોનો વિનિયોગ

આધુનિકતાની દ્રષ્ટિએ નોંધપાત્ર રચનાઓ



# “હાસ્ય રહસ્ય છે”

www.maulikvichar.com
vicharyatra@maulikvichar.com
sankalan.maulikvichar@gmail.com